# SEMESTER – 3

# PAPER - 202

# सुप्रभातम्

Dr. Manjula Viradiya Naroda College

# || काव्यप्रकाशः ||

## || प्रथम उल्लासः ||

Unit: 1- कारिका 1,2,3

Unit: 2- कारिका 4,5

Unit: 3 – कारिका उल्लास-10(नियतांश) भेदरहित उपमा, उत्प्रेक्षा, रूपक, अनन्वय, अपह्नुति, श्लेष, समासोक्ति तथा निदर्शना (લક્ષણ અને ઉદાહરણની સમજૂતી)

Unit: 4- આચાર્ય મમ્મટનો તથા કાવ્યપ્રકાશનો પરિચય, અને કાવ્યપ્રકાશના કર્તૃત્વવિષયક મતો.

# Unit:1

## नियतिकृतनियमरहितांह्लादैकमयीमनन्यपरतन्त्राम्।
## नवरसरूचिरां निर्मितिमादधती भारती कवेर्जयति।।1।।

નિયતિએ નક્કી કરેલા નિયમો વગરની,એક માત્ર આનંદ સ્વરૂપ, અન્ય કોઇને આધિન ન રહેનારી અને નવ રસોને લીધે રમણીય, કાવ્ય નિર્માણ કરનારી કવિની વાણીનો જય થાય છે.

# કવિની સૃષ્ટિ અને બ્રહ્માની સૃષ્ટિ

- નિયતિએ નક્કી કરેલા નિયમો વગરની,
- એક માત્ર આનંદ સ્વરૂપ,
- અન્ય કોઇને આધિન ન રહેનારી
- નવ રસોને લીધે રમણીય, કાવ્ય નિર્માણ કરનારી કવિની વાણીનો જય થાય છે.

- નિયતિએ નક્કી કરેલા નિયમો વાળી,
- સુખ, દુઃખ,મોહાત્મક સ્વભાવવાળી,
- અન્ય કોઇને આધિન રહેનારી
- છ રસના લીધે અરમણીય બ્રહ્માની નિર્મિતિ છે.

# षड् रसा,न च हृद्यैव तैःतादृशी ब्रह्मणो निर्मितिनिर्माणम्।

- છ રસવાળી અને તેથી મનોહર ન લાગે તેવી બ્રહ્મનિર્મિતિ છે.
- બ્રહ્માની સૃષ્ટિમાં ખાટો,ખારો,મીઠો,તુરો,કડવો,અને તીખો એ છ રસ છે. તેથી મનોહર નથી.
- एतद् विलक्षण कविवाङ्निर्मितिः।
- બ્રહ્માની સૃષ્ટિથી વિલક્ષણ(જુદી જ) કવિની કાવ્યસૃષ્ટિ હોય છે.અને તેથી તે જય પામે છે.

# કાવ્યના પ્રયોજન

काव्यं यशसेऽर्थकृते व्यवहारविदे शिवेतरक्षतये।
सद्यः परनिर्वृतये कान्तासम्मिततयोपदेशयुजे।।2।।

કાવ્ય યશ , અર્થ કહેતા ધન,વ્યવહારજ્ઞાન,અમંગળનો નાશ,તરત જ આનંદની પ્રાપ્તિ માટે અને પ્રિય પત્ની સમાન ઉપદેશ આપવા માટે કવિ કાવ્યનું સર્જન કરે છે.

# કાવ્યના પ્રયોજનો

यशप्राप्तिः- कालिदासादीनामिव यशः|

धनप्राप्तिः- श्रीहर्षादेर्धावकादीनामिवधनम्|

व्यवहारज्ञानः- राजादिगतोचिताचारपरिज्ञानम्|

अमङ्गलनिवारणम्:–
आदित्यादेर्मयूरादीनामिवानर्थनिवारणम्|

परमानंदप्राप्तिः- सकलप्रयोजनमौलिभूतं
समनन्तरमेवरसास्वादनसमुद्भुतम्|

कान्तासम्मितउपदेशः-
प्रभुसम्मित,सुहृद्सम्मित,कान्तासम्मित

- કાવ્ય-પ્રયોજન

- કાલિદાસ વગેરે કવિઓએ યશ પ્રાપ્તિ માટે કાવ્યનું નિર્માણ કર્યું છે.
- ધન માટે શ્રીહર્ષ વગેરેથી ધાવક વગેરેની જેમ સંપત્તિ.
- રાજા વગેરેથી સંબંધિત યોગ્ય વ્યવહારોનું જ્ઞાન.
- સૂર્ય વગેરેથી મયૂર વગેરેની જેમ અનર્થનું નિવારણ.
- અન્ય પદાર્થથી વિમુખ કરનાર તરત જ આનંદની પ્રાપ્તિ માટે,

- काव्यस्य हेतुः
- शक्तिनिपुणता लोकशास्त्रकाव्याद्यवेक्षणात्।
काव्यज्ञशिक्षायाभ्यास इति हेतुस्तदुद्भवे।।3।।

- શક્તિ, લોક,શાસ્ત્રો અને કાવ્ય વગેરેના નિરીક્ષણથી (પ્રાપ્ત થતી)નિપુણતા, તેમજ કાવ્યના જ્ઞાતાઓ પાસેથી (કાવ્ય) શિક્ષણ દ્વારા અભ્યાસ એ તે (કાવ્ય)ની ઉત્પત્તિનું કારણ છે.

# त्रयः समुदिताः न तु व्यस्तास्तस्य काव्यस्योद्भवे निर्माणे समुल्लासे च हेतुर्नतु हेतवः।

ત્રણેય મળીને, નહિ કે જુદાં જુદાં, કાવ્યની ઉત્પત્તિમાં એટલે કે નિર્માણમાં અને સ્ફુરણમાં હેતુ (કારણ) છે, હેતુઓ(કારણો) નથી.

# કાવ્યનું લક્ષણ

- तददोषौ शब्दार्थौ सगुणावानलङ्कृती पुनः क्वापि।

- દોષરહિત, ગુણયુક્ત તેમજ કોઇકવાર અલંકાર વિનાના શબ્દ અને અર્થ તે કાવ્ય છે.

# અન્ય આચાર્યોના મતે - કાવ્ય લક્ષણ

भामहः - शब्दार्थौ सहितौ काव्यम्।

- दण्डीः – काव्यशोभाकरान् धर्मान् अलङ्कारान् प्रचक्षयते।
- अग्निपुराणम् – इष्टार्थव्यवच्छिन्ना पदावली।
- राजशेखरः – शब्दार्थौ शरीरम् रस एव आत्मा।
- विश्वनाथः – वाक्यं रसात्मकं काव्यम्।
- जगन्नाथः – रमणीयार्थप्रतिपादकः शब्दः काव्यम्।

यत् सर्वत्र सालङ्कारौ क्वचित्तु स्फुटालङ्कारविरहेऽपि न काव्यत्वहानिः।

બધે જ (શબ્દ અને અર્થ) અલંકાર યુક્ત હોય, પણ ક્યાંક સ્પષ્ટ અલંકાર ન હોય તો પણ કાવ્યતત્ત્વને હાનિ થતી નથી.

यः कौमारहारः स एव हि वरस्ता एव चैत्रक्षपाः

- स्ते चोन्मीलितमालतीसुरभयः प्रौढाः कदम्बानिलाः
- सा चैवास्मि तथापि तत्र सुरतव्यापारलीलाविधौ
- रेवारोधसि वेतसीतरूतले चेतः समुत्कण्ठते।।

જેણે કૌમાર્યનો ભંગ કર્યો તે જ વર છે, તે જ ચૈત્રની રાત્રીઓ છે. ખીલેલાં માલતીપુષ્પોથી સુવાસિત કદંબના પ્રૌઢ પવનો પણ તે જ છે અને હું પણ તેની તે જ છું. છતાં, રેવાનદીના કાંઠે નેતરના વૃક્ષની નીચે કરેલ તે જ સુરતક્રીડાની વિલાસક્રીડાઓમાં મારું ચિત્ત ઉત્કંઠિત થાય છે.

अत्र स्फुटो न कश्चिदलङ्कारः,रसस्य च प्राधान्यान्नालङ्कारः।

અહીં કોઈ પણ અલંકાર સ્પષ્ટ નથી તેમજ રસની પ્રધાનતા હોવાથી રસવદ્ અલંકાર પણ નથી.

# કાવ્યના પ્રકારો

- ઉત્તમ કાવ્ય

- इदमुत्तममतिशयिनि व्यङ्गये वाच्याद् ध्वनिर्बुधैः कथितः।।4।।
- જે વાચ્ય કરતાં વ્યંગ્યમાં ચડિયાતું હોય તે 'ઉત્તમ' કાવ્ય છે. વિદ્વાનોએ તેને 'ધ્વનિકાવ્ય' કહ્યું છે.

# સ્ફોટવાદ

- શરતો
- આકાંક્ષા
- યોગ્યતા
- સન્નિધિ

# ઉત્તમ કાવ્યનું ઉદાહરણ

निःशेषच्युतचन्दनं स्तनतटं निर्मृष्टरागोऽधरो
नेत्रे दूरमनञ्जने पुलकिता तन्वी तवेयं तनुः।
मिथ्यावादिनि दूति बान्धवजनस्याज्ञातपीडेगमे
वापी स्नातुमितो गतासि न पुनस्तस्याधमस्थान्तिकम्।।

તારા સ્તનોના અગ્રભાગનું ચંદન ભૂંસાઇ ગયું છે, અધરોષ્ઠનો રંગ લૂછાઈ ગયો છે,આંખો આંજણ વિહોણી બની ગઈ છે અને તારો આ નાજુક દેહ રોમાંચિત થઈ ગયો છે.સ્વજનોને થનારી પીડાથી અજાણ,અસત્ય બોલનારી હે દૂતી,તું અહીંથી વાવમાં સ્નાન કરવા ગઈ હોઈશ પણ પેલા અધમની પાસે નહિ ગઈ હોય.

# ગુણીભૂત કાવ્ય અથવા મધ્યમ કાવ્ય

- अताद्दशि गुणीभूतव्यङ्गयं व्यङ्गये तु मध्यमम्।
- વ્યંગ્યાર્થ તે પ્રમાણે ન હોય અને ગૌણ બની જાય ત્યારે ગુણીભૂત વ્યંગ્ય અથવા મધ્યમ કાવ્ય ગણાય છે.

ग्रामतरूणं तरूण्या नवञ्जुलमञ्जरीसनाथकरम्।
पश्यन्त्या भवति मुहुर्नितरां मलिना मुखच्छाया।।3।।

અશોકની તાજી મંજરી હાથમાં રાખનાર ગામના યુવકને જોતી યુવતીના મુખની છાયા વારંવાર એકદમ ઝાંખી પડી જાય છે.

# ચિત્રકાવ્ય અથવા અધમ કાવ્ય

- शब्दचित्रं वाच्यचित्रमव्यङ्ग्यं त्ववरं स्मृतम्।।5।।

- વ્યંગ્ય અર્થ વિનાના શબ્દચિત્ર અને વાચ્યચિત્રને અવર કાવ્ય કહેવામાં આવ્યું છે.તેને ચિત્રકાવ્ય પણ કહે છે.

# અધમ કાવ્યનું ઉદાહરણ (ચિત્રકાવ્ય)

स्वच्छन्दोच्छलदच्छकच्छकुहरच्छातेतराम्बुच्छटा-
मूर्छन्मोहमहर्षिहर्षविहितस्नानाह्निकाह्नाय वः।
भिद्यादुद्यदुदारदर्दुदरीदीर्धादरिद्रम-
द्रोहोद्रेयमहोर्मिमेदुरमदा मन्दाकिनी मन्दताम्।।

સ્વછંદતાપૂર્વક ઊછળતી,નિમર્ળ અને કિનારાની બખોલમાં અત્યંત વેગથી પ્રવાહિત થનારી જળધારા વડે જેમનું અજ્ઞાન નષ્ટ થઇ ગયું છે. તેવા મહર્ષિઓ જેમાં આનંદપૂર્વક સ્નાન તથા દૈનિક ક્રિયાઓ કરે છે. તેવી જેમાં મોટાંમોટાં દેડકાં દેખાય છે એવા ખાડાઓવાળી અને ઊંચા તથા વિશાળ વૃક્ષો અંદર પડતાં ઊછળતાં મોટાં મોજાઓને લીધે અત્યંત મદોન્મત્ત બનેલી ગંગા તમારા અજ્ઞાનને તરત દૂર કરો.

# અધમ કાવ્યનું ઉદાહરણ (વાચ્યચિત્ર)

- विनिर्गतं मानदमात्ममन्दिरात् भवत्युपश्रुत्य यद्दृच्छयापि यम्।
- ससम्भ्रमेन्द्रद्रुतपतितार्गला निमीलिताक्षीव भियामरावती।।
- મારા શત્રુઓના અભિમાનને નષ્ટ કરનાર હયગ્રીવ વિષે,તે સ્વેચ્છાથી જ પોતાના મહેલમાંથી નીકળ્યો છે એવું સાંભળીને ગભરાય ગયેલા ઇન્દ્રે જેનો આગળો બંધ કર્યો છે તે અમરાનતી નગરાએ જાણે આંખો મીંચી દીધી.